# પડકારનો ડર શા માટે?



વ્યક્તિની પ્રગતિ માટે પડકારો જરૂરી છે. જ્યાં સુધી પડકારો સામે આવતા નથી ત્યાં સુધી વ્યક્તિ એના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી શકતી નથી. મુશ્કેલીઓ આગળ વધવાની પ્રેરણા આપે છે. જીવનની દરેક કઠિનાઈ, પડકાર કે અવરોધ એક પાઠ હોય છે. ભલે મુશ્કેલીઓ ડરાવે, ગભરાટ ઉત્પન્ન કરે પરંતુ એ આપણને માનસિક રીતે મજબૂત બનાવે છે.

દરેક વ્યક્તિએ એના જીવનમાં ક્યારેક ને ક્યારેક તો મુશ્કેલીનો સામનો કરવો જ પડે છે. કોઈકને આર્થિક પરેશાની હોય, કોઈકને સંબંધોની મુંઝવણ તો કોઈ સ્વાસ્થ્ય કે કરિયર ફ્રન્ટ પર આવનાર પડકારનો સામનો કરે છે. લોકો વિચારે છે કે કાશ! જિંદગી સરળ હોત તો સારું થાત પરંતુ સચ્ચાઈ એ છે કે પડકારો વિના ઈન્સાન ન તો મજબૂત બની શકે છે, ન તો આગળ વધી શકે છે.

## પડકારો શું શીખવે છે? ક્ષમતાની જાણ કરે છે

જ્યાં સુધી પરીક્ષા ન આપો ત્યાં સુધી કઈ રીતે ખબર પડે કે તમે કોર્સની કેટલી વસ્તુઓ શીખ્યા છો. ચુનૌતી વ્યક્તિના જીવનની પરીક્ષા છે. જ્યાં સુધી તેનો સામનો ન કરો ત્યાં સુધી પોતાની ક્ષમતા બાબતે ખબર નથી પડી શકતી. જ્યાં સુધી બધુ સમુસૂતરું ચાલતું હોય ત્યાં સુધી તો વ્યક્તિનું મગજ એક જ રીતે વિચારે છે પરંતુ સામે જેવી તકલીફો આવે છે માણસ એમાંથી બહાર નીકળવાની તરકીબો શોધવા માંડે છે અને ત્યારે જ એને પોતાની તાકાત અને કમજોરી વિશે અંદાજ આવે છે.

## ધૈર્ય અને સહનશીલતાની મળે છે શીખ

આજે દરેક જણ ઉતાવળમાં હોય છે. તરત જ મહેનતનું પરિણામ જોવા માંગે છે પરંતુ વાસ્તવિક જીવનમાં આવી ઉતાવળ ચાલતી નથી. જીવનમાં કોઈ પણ પ્રશ્નનો તરત ઉકેલ નથી મળતો. જ્યારે કોઈ કઠિનાઈ લાંબો સમય ચાલે છે તો એ વ્યક્તિને ધૈર્યવાન રહેવાની શીખ આપે છે. આ જ ધીરજ જીવનના દરેક મોડ પર કામ આવે છે. પછી એ નોકરીની સ્ટ્રેસ હોય કે પારિવારિક સમસ્યા.

## નવા વિચાર અને આત્મવિશ્વાસ આપે છે પડકારો

ચુનૌતી ન હોય તો વ્યક્તિ નવી રીતે કદી કંઈ શોધી શકતો નથી. જ્યારે જૂનો રસ્તો કામ નથી આવતો તો વ્યક્તિ નવા વિકલ્પો શોધે છે અને ત્યાંથી જ બદલાવ અને રચનાત્મકતાની શરૂઆત થાય છે. ઘણી વાર મોટી સફળતા સંકટ અને નિષ્ફળતા બાદ જ મળે છે. પડકારો આત્મવિશ્વાસ આપે છે. જ્યારે તમે કોઈ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી શકો છો ત્યારે પોતાના પર ભરોસો પણ મજબૂત થાય છે કે એની સામે ઝઝૂમવાની શક્તિ છે. આ આત્મવિશ્વાસ પુસ્તકો કે શીખવેલા જ્ઞાનથી નહિ પરંતુ જીવનના અનુભવોમાંથી આવે છે અને આગળ વધવાની તાકાત આપે છે.

## સંઘર્ષથી ઈન્સાનિયત અને સંવેદનશીલતા ઉત્પન્ન થાય છે

જ્યારે કોઈ વ્યક્તિ દર્દ, નિષ્ફળતા અને ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થાય છે ત્યારે એને બીજાના દુઃખદર્દ સમજાય છે અને એ સંવેદનશીલ બને છે. આ અનુભવ એમનામાં માનવીય મૂલ્યો જાગૃત કરે છે. આવાં લોકો સામેવાળાની સ્થિતિ સમજી પ્રતિક્રિયા આપે છે જેનાથી સંબંધમાં ઊંડાણ, સમજ અને ભરોસો વધે છે. સંઘર્ષ જીવનની પ્રાથમિકતાને સ્પષ્ટ કરે છે. વ્યક્તિને સમજ પડે છે કે એને માટે વાસ્તવમાં શુ મહત્ત્વપૂર્ણ છે. ઘણી વાર ચુનૌતી વ્યક્તિને પોતાના જીવનની દિશા બદલવા પ્રેરણા આપે છે. એ પોતાને, અન્યોને અને પોતાની આસપાસના પરિવેશને સંવેદનશીલ દૃષ્ટિએ જોવા માંડે છે.

## કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢે છે

જો જીવન કોઈ પણ અવરોધ, અંતરાય, મુશ્કેલી વિના એક જ ગતિએ આગળ વધતું રહે તો વ્યક્તિ એક જગ્યાએ જ અટકી જશે. એ કોશિશ કરશે જ નહિ. સંઘર્ષ બદલાવની ચેતવણી છે, અહીંથી જ નવા રસ્તા ખૂલે છે. પડકારો વ્યક્તિના શિક્ષક છે જે મજબૂત, આત્મનિર્ભર અને સમજદાર બનાવે છે. જે વ્યક્તિ મુશ્કેલીઓથી ડરીને ભાગવાને બદલે એનો સામનો કરે છે, એમાંથી શીખે છે એ જ જિંદગીમાં આગળ વધી શકે છે. એટલે પડકાર એક શીખ અને અવસર જેવા છે.

**પડકારો વ્યક્તિને મજબૂત, આત્મનિર્ભર અને સમજદાર બનાવે છે. જે વ્યક્તિ મુશ્કેલીઓથી ડરીને ભાગવાને બદલે એનો સામનો કરે છે, એમાંથી શીખે છે એ જ જિંદગીમાં આગળ વધી શકે છે એટલે પડકાર એક શીખ અને અવસર જેવા છે**

### ઝૂંપડપટ્ટીમાં બાળકો માટે શાળા શરૂ કરનારી

# ભારતીય શિક્ષિકા રૂબલ નાગીનું અનોખું શિક્ષણ પ્રદાન

આજે રૂબલ નાગીની વાત કરવી છે પણ હા, કોણ છે આ રૂબલ નાગી? એ મુંબઈનાં એક કલાકાર અને શિક્ષિકા છે. જેમને ફેબ્રુઆરી 2026માં દુબઈમાં યોજાયેલા વર્લ્ડ ગવર્મેન્ટ સમિટ દરમિયાન ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2026થી સન્માનિત કરવામાં આવ્યાં છે. 139 દેશોમાંથી આવેલાં 5,000 નામાંકનો તથા અરજીઓમાંથી નૅગીની પસંદગી કરવામાં આવી છે. આ પુરસ્કાર શિક્ષણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન



આપનારા શિક્ષકોને સન્માનિત કરવા માટે યુનેસ્કો સાથેના સહયોગથી વર્કી ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. તેને 'શિક્ષણનો નોબેલ પુરસ્કાર' પણ કહેવામાં આવે છે. ઝૂંપડપટ્ટીમાં બાળકો માટે શાળા શરૂ કરનારી આ શિક્ષિકાને 9 કરોડ રૂપિયાનો પુરસ્કાર મળ્યો છે.

આ એવોર્ડ મેળવનાર રૂબલ નાગીએ ભારતની ઝૂંપડપટ્ટીઓ અને ગામડાંઓમાં 800થી વધુ શિક્ષણ કેન્દ્રો સ્થાપ્યાં છે. આ કેન્દ્રોમાં એવાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે જેઓ ક્યારેય શાળાએ ગયાં નથી. તેઓ ઝૂંપડીઓની દીવાલોને રંગીન ચિત્રોમાં ફેરવી દે છે. આ ચિત્રો માત્ર સુંદર ચિત્રો જ નથી પરંતુ ખુલ્લી હવામાં ક્લાસરૂમ જેવા એટલે કે પ્રાકૃતિક સ્થળ તરીકે કામ કરે છે. ઝૂંપડપટ્ટીઓ અને ગરીબ વિસ્તારોમાં જ્યાં શાળા કે પુસ્તકો નથી ત્યાં



વાચક મંચ

આ દીવાલો બાળકોને શીખવે છે. અહીં અક્ષરજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ, ઈતિહાસ, સામાજિક જવાબદારી, કચરા વ્યવસ્થાપન, પાણી બચાવવું વગેરેનું શિક્ષણ અપાય છે. આને જીવંત શિક્ષણની દીવાલો પણ કહેવામાં આવે છે.

નૅગીના જણાવ્યા અનુસાર આશરે ત્રણ દાયકા પહેલાં એક છોકરો નૅગીના આર્ટ વર્કશોપમાં આવ્યો હતો. તે બાળક ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો અને નબળી આર્થિક સ્થિતિને કારણે શાળાએ જઈ શકે તેમ નહોતો. તે સમયે નૅગીને વંચિત સમુદાયો સુધી શિક્ષણ પહોંચાડવાની અણધારી પ્રેરણા થઈ હતી. તેમની વચ્ચે થયેલી વાતચીતથી પ્રેરાઈને તેઓ છોકરાની વસ્તીમાં ગયાં અને તેમણે ત્યાંની દીવાલોને ભીંતચિત્રોથી સુશોભિત કરીને આ વિસ્તારનો દેખાવ થોડો સુધારવાની વાત કરી.

**નાગીએ તેમનું શિક્ષણ કાર્ય લગભગ 24-30 વર્ષ પહેલાં એક નાનકડી વર્કશોપથી શરૂ કર્યું હતું, જેમાં માત્ર 30 વંચિત બાળકોને કલા દ્વારા શીખવવાની શરૂઆત કરી હતી**

તેમનું શિક્ષણ કાર્ય કેવી રીતે શરૂ થયું તે પણ જાણવા જેવું છે.

નાગીએ તેમનું શિક્ષણ કાર્ય લગભગ 24-30 વર્ષ પહેલાં એક નાનકડી વર્કશોપથી શરૂ કર્યું હતું, જેમાં માત્ર 30 વંચિત બાળકોને કલા દ્વારા શીખવવાની શરૂઆત કરી હતી. જે જમ્મુ-કાશ્મીરથી મુંબઈ સુધી ફેલાયું. તેમણે 4 લાખ સ્વયંસેવકો અને CSR ફંડ્સથી કાર્ય વિસ્તાર્યું, જેમાં મહિલા સશક્તિકરણ પણ સામેલ છે. તેમણે 'મિસાલ ઈન્ડિયા' અને RNAF જેવા પ્રોગ્રામ્સ દ્વારા 600થી વધુ શિક્ષકોને તાલીમ આપીને આ કાર્યને વિસ્તાર્યું.

નાગી પુરસ્કારના પૈસાનો ઉપયોગ અન્ડરપ્રિવિલેજ્ડ યુવાનો માટે ફ્રી વોકેશનલ અને ડિજિટલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવા માટે કરશે એમ કહેવાય છે.

દીપક જગતાપ (રાજપીપળા)